# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૬/કવા-૨/૨૧-૨૨/૫૩૯૨-૧ તા.૧૮-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (**CGRF**)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૬/કવા-૨/૨૧-૨૨

અરજદાર :(૧) કામદાર ચિરાગ કિરીટભાઈ (૨) હિરેનભાઈ કે. સોરઠીયા (૩) રોહિતભાઈ આર. વજકાણી (૪) મગનભાઈ જી. બાવળીયા અને (૫) હરીશભાઈ પી. પટેલ, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારો મગનભાઈ જી. બાવળીયા, ચિરાગ કે. કામદાર, રોહિતભાઈ આર. વજકાણી, હરીશભાઈ પી. પટેલ તેમજ હિરેનભાઈ કે. સોરઠીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧

રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી કે.બી.શાહ પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧ એસ. એમ. ઉંજીયા નાયબ ઈજનેર શ્રી પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી - આજી ઇન્ડસ્ટ્રીયલ

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી જે.બી. પારેખ, |
| ૨) મેમ્બર સ્વતંત્ર | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૧૪-૦૯-૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૪-૦૯-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારો રજુઆતમાં જણાવે છે કે તેઓ આજી ઇન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરી હેઠળ ન્યુ આરતી એસ્ટેટ નામે સૂચિત સોસાયટીમાં વીજ જોડાણો ધરાવે છે. સદર વીજજોડાણો તેઓ દ્વારા ધંધા રોજગારની જરૂરિયાત મુજબ વીજભારની જરૂરિયાત મુજબ અને નિયમ મુજબના દસ્તાવજો આપીને તેમજ નિયમ મુજબ ફી તથા ડીપોઝીટ ભરપાઈ કરીને મેળવેલ છે તથા નિયમ મુજબ વિજબીલની રકમ પણ ભરપાઈ કરે છે.

| ક્રમ | અરજદારનું નામ | ગ્રાહક નંબર |
|---|---|---|
| ૧ | કામદાર ચિરાગ કિરીટભાઈ | ૧૨૬૪૪૦૨૧ |
| ૨ | હિરેનભાઈ કરશનભાઈ સોરઠીયા | ૮૨૦૦૧/૬૧૫૪૬/૯ |
| ૩ | રોહિતભાઈ રમેશભાઈ વજકાણી | ૮૨૦૦૧/૬૧૫૭૬/0 |
| ૪ | મગનભાઈ ગોરધનભાઈ બાવળીયા | ૮૨૦૦૧/૬૧૫૮૩/3 |
| ૫ | પટેલ હરીશભાઈ પ્રભુભાઈ | ૮૨૦૦૧/૬૧૫૯૬/૫ |

૨.૧ અરજદારોની સદર જગ્યાની માલિકી અંગે વાંધા અરજી, માનનીય કલેકટરશ્રી રાજકોટને તા.૧૬.૦૩.૨૦૨૧ ના રોજ ઇનવર્ડ નં.૩૮૪ થી અપાયેલ છે જેની કાર્યવાહી હાલ ચાલુ છે કે પૂર્ણ થયેલ છે તેની જાણકારી સદર અરજદારોને નથી.

૨.૨ ઉપરોક્ત અરજીના અનુંસધાને આજી પોલીસ સ્ટેશન તથા રાજકોટ સીટી મામલતદાર સાહેબ દ્વારા માહે માર્ચ-૨૦૨૧ માં અરજદારોના નીવેદનો લીધેલ જેને ચાર માસ જેવો સમય વીતી ગયેલ છે. માત્ર એક જ અરજીના આધારે ઉપરોક્ત સદર વીજજોડાણો પી.જી.વી.સી.એલ. દ્વારા ઉતારી લેવામાં આવેલ છે.

૨.૩ અરજદાર વધુમાં જણાવે છે કે સદર વિજજોડાણો તેઓ દ્વારા કામધંધા માટે લીધેલ છે અને તેઓની આજીવિકાનું સાધન છે. વીજજોડાણ કપાઈ જવાથી તેઓને આર્થીક નુકશાન જાય છે તેમજ કાયમ માટે ધંધા બંધ થઈ જાય તેમ છે. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓ પી.જી.વી.સી.એલ.ની દરેક કાર્યવાહીમાં સહકાર આપવા તૈયાર છે તેમજ કલેકટર સાહેબનો જે કઈ હુકમ આવે તે મુજબ કરવા પણ તૈયાર છે.

૨.૪ જગ્યાની માલિકીના વિવાદની અરજીના અનુસંધાને જ્યાં સુધી નામદાર કલેકટર સાહેબનો હુકમ ન આવે તેમજ કોર્ટ માંથી સદર જગ્યાની માલિકી અંગેના વિવાદનો ઉકેલ ન આવે ત્યાં સુધી સદર વીજ જોડાણો ચાલુ કરી આપવા અરજદારો દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે આજી ઇન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝનના ગ્રાહકશ્રી કામદાર ચિરાગભાઈ કિરીટભાઈ અને અન્ય ૦૪ દ્વારા રેવેન્યુ સર્વે નંબર-૧૫ ન્યુ આરતી ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ ભાવનગર રોડ ખાતે તેઓના વીજ કનેક્શન અગાઉ કાપી નાખવામાં આવેલ છે જે વીજ જોડાણો ફરીથી ચાલુ કરી આપવા સદર અરજદાર અને અન્ય વીજગ્રાહકો દ્વારા ફોરમ સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે.

૩.૧ ઉપરોક્ત અરજદારોની રજૂઆત મુજબ સદર ગ્રાહકોને પી.જી.વી.સી.એલ. દ્વારા નીચેની વિગતે વીજજોડાણો આપવામાં આવેલ હતા.

| ક્રમ | ગ્રાહક નંબર | ગ્રાહક નું નામ | ટેરિફ | લોડ (કિ.વો.) | સરનામું | જોડાણ આપ્યા તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૮૨૦૦૧૬૧૫૪૬૯ | સોરઠીયા હિરેનભાઈ કરશનભાઈ | એનઆરજીપી | ૫.0 | પ્લોટ નંબર-૨૭ | ૦૭-૦૮-૨૦ |
| ૨ | ૮૨૦૦૧૬૧૫૭૬૦ | વજકાણી રોહિતભાઈ રમેશભાઈ | એલટીએમડી | ૨૦.૦ | પ્લોટ નંબર-૨૫ | ૨૨-૧૨-૨૦ |
| ૩ | ૮૨૦૦૧૬૧૫૯૬૫ | પટેલ હરીશભાઈ પ્રભુરામ | એનઆરજીપી | ૧૫.૦ | પ્લોટ નંબર-૪૦-એ | ૦૧-૦૨-૨૧ |
| ૪ | ૮૨૦૦૧૬૧૫૧૫૯ | કામદાર ચિરાગભાઈ કિરીટભાઈ | એનઆરજીપી | ૩.૦ | પ્લોટ નંબર-૨૨ | ૦૧-૦૩-૨૦ |
| ૫ | ૮૨૦૦૧૬૧૫૮૩૩ | બાવળીયા મગનભાઈ ગોરધનભાઈ | એનઆરજીપી | ૮.૦ | પ્લોટ નંબર-૨૬ | ૦૮-૦૧-૨૧ |

૩.૨ અરજદારોની ફરિયાદ મુજબ વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

| તારીખ | પત્ર ક્રમાંક | વિગત |
|---|---|---|
| ૨૪-૦૨-૨૧ | અત્રેની કચેરીને આપેલ પત્ર ઇનવર્ડ નં-૨૫૯ | સ્વ.વજેસંગ નાનજીભાઈ કામલીયા તથા સ્વ. વિમલેશભાઈ વજેસંગ કામલીયાના મરણ પ્રમાણપત્ર તથા જનકબેન વજેસંગ કામલીયાના પાનકાર્ડ, સ્વીટીબેન વિમલેશભાઈના આધાર કાર્ડ તેમજ ગામ નમુનો નંબર-૮/અ (જમીનની ખાતાવહી) રજુ કરીને વકીલ શ્રી મેહુલ એચ.ત્રિવેદી દ્વારા સદરહુ જગ્યા પર આવેલ વીજજોડાણ રદ કરવા તથા થાંભલા દુર કરવા અંગેની અરજી કરવામાં આવેલ |
| ૨૫-૦૨-૨૧ | **DE/AISD/TECH/REV/1002** તેમજ **1003,1004,1005** અને **1006** | અત્રેની કચેરી ગ્રાહકશ્રીઓને દિવસ -૧૫ માં જગ્યાની માલિકી અંગેનો વિવાદ ઉકેલવા માટે તમામને સ્થળ પર રૂબરૂ તથા પત્ર દ્વારા નોટીસ આપવામાં આવેલ |
| ૧૫-૦૩-૨૧ | ઇનવર્ડ નં-૩૬૯ | વીજ કનેક્શન ધારકો દ્વારા જવાબ રજુ કરવા માટે ૧૫ દિવસનો સમય માંગવામાં આવેલ |
| ૧૬-૦૩-૨૧ | ઇનવર્ડ નં-૩૮૪ | વાંધા અરજી આપનાર દ્વારા કલેકટરશ્રીને કરેલ ફરિયાદની નકલ અત્રેની કચેરીને રજુ કરવામાં આવેલ |
| ૧૭-૦૩-૨૧ | ઇનવર્ડ નં-૩૮૭ | સદર વીજ કનેક્શન ધારકો દ્વારા અત્રેની કચેરીને વીજ જોડાણ ચાલુ રાખવાની રજૂઆત કરેલ તથા વાંધા અરજીના કાગળોની નકલ માંગેલ હતી. |
| ૧૯-૦૩-૨૧ | **DE/AISD/TECH/REV/1575,1576,1577,1578,1579** | અત્રેની કચેરી દ્વારા સદર ગ્રાહકોને માંગેલ કાગળોની નકલો આપવામાં આવેલ |
| ૨૦-૦૩-૨૧ | ઇનવર્ડ નં-૪૨૧ | વાંધા અરજી આપનાર દ્વારા સિવિલ કોર્ટમાં વીજ કનેક્શન ધારકો સામે દાખલ કરવામાં આવેલ કેવીએટની નકલ અત્રેની કચેરીને રજુ કરવામાં આવેલ. |
| ૧૫-૦૪-૨૧ | **G P NO.2442** તેમજ **243,244,245** અને **246** | ગ્રાહકોના વીજ જોડાણોના વીજ મીટર તથા સર્વિસ વાયર સ્થળ પરથી ઉતારી લેવામાં આવેલ |
| ૧૨-૦૫-૨૧ | **DE/AISD/TECH/REV/2268** તેમજ **2269,2270,2271** અને **2272** | સદર ગ્રાહકોને જગ્યાના વિવાદિત ઉકેલ લાવવા માટે જણાવવામાં આવેલ અન્યથા સદર વીજ જોડાણો કાયમી ધોરણે રદ કરવાપાત્ર થશે એ બાબતની નોટીસ પાઠવવામાં આવેલ |
| ૦૪-૦૬-૨૧ | ઇનવર્ડ નં-**755**<br>ઇનવર્ડ નં-**756** | સદર ગ્રાહકો પૈકી વજકાણી રોહિતભાઈ રમેશભાઈ તથા સોરઠીયા હિરેનભાઈ કરશનભાઈ દ્વારા નામદાર કલેકટર સાહેબનો હુકમ ન આવે ત્યાં સુધી સદર વીજ જોડાણો કાયમી ધોરણે રદ ન કરવા અંગેનો પત્ર અત્રેની કચેરીને મળેલ છે. |
| ૨૯-૦૭-૨૧ | પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/કવા-૦૨/૨૦૨૧-૨૨/૪૪૬૫-૨ | ગ્રાહકશ્રીઓ દ્વારા સીજીઆરએફમાં તકરાર ઉપસ્થિત કરેલ. |
| ૦૨-૦૮-૨૧ | ઇનવર્ડ નં-**1064** | ગ્રાહકશ્રી મગનભાઇ ગોરધનભાઈ બાવળીયા દ્વારા કેસ ને લગતી માહિતીઓ માંગતી આરટીઆઇ કરવામાં આવેલ. |

૩.૩ પી.જી.વી.સી.એલ. દ્વારા અન્ય તમામ કચેરીઓની જેમ જ સૂચિત જગ્યામાં ગ્રાહક પાસે થી રૂ.**300/-** ના સ્ટેમ્પ પર વિદ્યુત કરાર લઈ નોટરાઈઝડ "બાહેંધરીખત" લઈ ને જ વિજજોડાણો આપવામાં આવે છે જેમાં ગ્રાહક દ્વારા સ્પષ્ટ બાહેંધરી આપવામાં આવે છે તથા સ્વીકારવામાં આવે છે કે સદર સૂચિત જગ્યા અન્યની માલિકીની છે. તેમજ સ્પષ્ટ બાહેંધરી નીચે મુજબ આપવામાં આવેલી હોય છે.

"અમોને પી.જી.વી.સી.એલ. દ્વારા ઔદ્યોગિક વપરાશ માટે વિદ્યુત જોડાણ આપ્યા બાદ અમારા ધંધાની જગ્યા અંગે કોઈ પણ સરકારી, અર્ધ સરકારી, કે ઈતર સંસ્થા કે વ્યક્તિગત રીતે કાયદા હેઠળ આમારા ધંધાને

હટાવવા, ખસેડવા કે તોડી પાડવા કે ઈતર કોઈપણ કાર્યવાહી સારું ઉપસ્થિત તેવા સંજોગોમાં પી.જી.વી.સી.એલ. દ્વારા આપવામાં આવેલ વિદ્યુત જોડાણ કાપી નાખવા, બંધ કરવા સામે અમોને કોઈ પણ પ્રકારનો કાયદેસરનો હક્ક કે અધિકાર રહેશે નહી અને પી.જી.વી.સી.એલ.ને સદર કાર્યવાહી કરવા માટે અમોને કોઈ પણ જાતની સુચના આપ્યા વગર અધિકાર રહેશે."

૩.૪ ઉપરાંત પીજીવીસીએલ દ્વારા ગ્રાહકશ્રીઓને પરસ્પરનો વિવાદ ઉકેલવા માટે રૂબરૂ તથા અવાર-નવાર પત્રો લખી જણાવેલ છે તેમજ આ માટે પૂરતો સમય પણ આપવામાં આવેલ છે. આમ છતાં વીજ કનેક્શન ધારકો દ્વારા પરસ્પરનો વિવાદ ઉકેલી આપવામાં આવેલ નથી આમ, પીજીવીસીએલ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તટસ્થ, ન્યાયપૂર્ણ અને કાયદેસરની છે જેની નોંધ લેવા નમ્ર વિનંતી.

૩.૫ વધુમાં સૂચિત જગ્યામાં કનેક્શન આપતી વખતે માલિકી કોની છે તે સુનિશ્ચિત થયેલ હોતું નથી માટે જ આ અંગેનો વિદ્યુત કરાર "બાહેંધરી ખત" લેવામાં આવે છે તેમજ વીજ કનેક્શન ધારકોને પુરતો સમય આપવા છતાં નામદાર કલેકટર પાસેથી કે કોઈપણ ન્યાયિક સત્તા મંડળ પાસેથી વીજ જોડાણ ચાલુ રાખવા બાબતે કોઈપણ પ્રકારનો હુકમ લાવી આપવામાં આવેલ નથી. આમ, વીજ જોડાણ ધારકો દ્વારા આ વિવાદ ઉકેલવા માટે કોઈ ઠોસ કાર્યવાહી થયેલ હોવાનું જાણવા મળતું ન હોય, જો વીજ જોડાણો ચાલુ રાખવામાં આવે તો પી.જી.વી.સી.એલ. તે બાબતે જવાબદાર ઠરે તેમ બને.

૩.૬ ઉપરોક્ત સદર કેસની હકીકત જોતાં અરજદાર અને અન્ય ચાર ગ્રાહકોની જમીન માલીકી અંગેનો વિવાદ હાલમાં નામદાર કલેક્ટર સાહેબ રાજકોટ ખાતે અનિર્ણિત છે. જમીનના મૂળ ખાતેદારના વારસદારો દ્વારા સમાચારપત્રમાં આપેલ જાહેર ચેતવણીને ધ્યાનમાં લેતા નામદાર કોર્ટમાં કોઈ કેસ પેન્ડિંગ હોય શકે અથવા સદર જમીન મેટર કોઈ હુકમનામા રેકર્ડ ઉપર આવેલ ના હોય માલિકી હક્ક સ્થાપિત થતો નથી

૩.૭ પીજીવીસીએલના માન્ય પેનલ એડવોકેટશ્રીના લીગલ ઓપિનિયન મુજબ સદર જગ્યા પર કનેક્શન કાપવામાં આવેલ છે તે યોગ્ય છે. આમ સપ્લાય કોડ ૨૦૧૫ ની કલમ ૪.૧૬ મુજબ માલિકી હક્ક અરજદાર રજૂ કરી શકેલ નથી જેથી કનેક્શન ચાલુ કરી શકાય નહીં તેમજ ભવિષ્યમાં બિનજરૂરી પીજીવીસીએલને વિવાદિત પક્ષકાર બનવું ના પડે તે સંજોગોમાં અરજદાર તેમજ અન્ય ૦૪ ની કનેક્શન ચાલુ કરી આપવાની માંગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારોશ્રી (૧) કામદાર ચિરાગ કિરીટભાઈ (૨) હિરેનભાઈ કે. સોરઠીયા (૩) રોહિતભાઈ આર. વજકાણી (૪) મગનભાઈ જી. બાવળીયા અને (૫) હરીશભાઈ પી. પટેલ, ગામ: રાજકોટ ની ફરિયાદ મુજબ તેઓના વીજજોડાણો આજી ઇન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝન હેઠળ, ન્યુ રેવન્યુ સર્વે નંબર -૧૫, ન્યુ આરતી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સૂચિત સોસાયટી ભાવનગર રોડ ખાતે આવેલ છે, સદર જમીન અંગેના વિવાદની અરજી નામદાર કલેકટર સાહેબની કચેરીના અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા સદર વીજજોડાણો ડીસકનેક્ટ કરેલ છે, જે વીજજોડાણો કાયમી રદ કરવાનો હુકમ ન આવે ત્યાં સુધી ચાલુ રાખવા અરજદારોએ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત ફરિયાદના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુજબની ફરિયાદી અરજદારોના વીજજોડાણની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ગ્રાહક નંબર | ગ્રાહક નું નામ | ટેરિફ | લોડ (કિ.વો.) | સરનામું | જોડાણ આપ્યા તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૮૨૦૦૧૬૧૫૪૬૯ | સોરઠીયા હિરેનભાઈ કરશનભાઈ | એનઆરજીપી | ૫.0 | પ્લોટ નંબર-૨૭ | ૦૭-૦૮-૨૦ |
| ૨ | ૮૨૦૦૧૬૧૫૭૬૦ | વજકાણી રોહિતભાઈ રમેશભાઈ | એલટીએમડી | ૨૦.૦ | પ્લોટ નંબર-૨૫ | ૨૨-૧૨-૨૦ |
| ૩ | ૮૨૦૦૧૬૧૫૯૬૫ | પટેલ હરીશભાઈ પ્રભુરામ | એનઆરજીપી | ૧૫.૦ | પ્લોટ નંબર-૪૦-એ | ૦૧-૦૨-૨૧ |
| ૪ | ૮૨૦૦૧૬૧૫૧૫૯ | કામદાર ચિરાગભાઈ કિરીટભાઈ | એનઆરજીપી | ૩.૦ | પ્લોટ નંબર-૨૨ | ૦૧-૦૩-૨૦ |
| ૫ | ૮૨૦૦૧૬૧૫૮૩૩ | બાવળીયા મગનભાઈ ગોરધનભાઈ | એનઆરજીપી | ૮.૦ | પ્લોટ નંબર-૨૬ | ૦૮-૦૧-૨૧ |

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબની વિગતે ફરિયાદી અરજદારોના સદર જગ્યા પર આવેલા વીજજોડાણો રદ કરવા સદર જમીનની માલિકીના મૂળ ખાતેદારો વતીની રજૂઆત વકીલ શ્રી મેહુલ એચ. ત્રિવેદી દ્વારા અરજી પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીમાં તા.૨૪-૦૨-૨૦૨૧ ના રોજ રજુ કરેલ જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારો ને તા.૨૫-૦૨-૨૦૨૧ ના રોજ અને તા.૧૫-૦૩-૨૦૨૧ ના રોજ આધાર-પુરાવા રજુ કરવા અંગેની નોટીસ પાઠવવામાં આવેલ. ત્યારબાદ તા.૧૬-૦૩-૨૧ ના રોજ વાંધા અરજી આપનાર દ્વારા કલેકટરશ્રીને કરેલ ફરિયાદની નકલ પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીમાં રજુ કરવામાં આવેલ. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૯-૦૩-૨૦૨૧ થી જરૂરી નકલો રજુ કરવા સદર અરજદારો ને જણાવેલ ત્યારબાદ તા.૨૦-૦૩-૨૧ ના રોજ વાંધા અરજી આપનાર દ્વારા સિવિલ કોર્ટમાં વીજ કનેક્શન ધારકો સામે દાખલ કરવામાં આવેલ કેવીએટની નકલ પી.જી.વી.સી.એલ.ની સબંધક કચેરીમાં રજુ કરવામાં આવેલ. તેમજ તા.૨૦-૦૨-૨૦૨૧ ના દૈનિક વર્તમાનપત્ર અકિલામાં વકીલ દિલીપ એમ. મહેતા અને મેહુલ એચ. ત્રિવેદી દ્વારા તેઓના અસીલ જનકબેન વજેસંગ કામલીયા તથા સ્વ. વિમલેશભાઈના સીધીલીટીના વારસદારો વતી તથા તેઓની સુચના અનુસાર જાહેર ચેતવણી અપાયેલ છે તે મુજબ .... રાજકોટ તાલુકાના થોરાળાના રેવન્યુ સર્વે નં -૧૧૫ પૈકી ૨ ની જમીનના બનાવટી દસ્તાવેજો ઉભા કરનાર તથા સૂચિત ખરીદનાર તથા ગુનાહિત કૃત્યમાં મદદગારી કરનાર તમામ ઈસમો વિરુદ્ધ – ગુજરાત એન્ટી લેન્ડ ગ્રેબિંગ પ્રોહીબીશન એક્ટ હેઠળ ફરિયાદ કરી રહ્યા છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબ ની વિગતે, પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૫-૦૪-૨૦૨૧ ના રોજ ઉપરોક્ત વીજ જોડાણોના વીજ મીટર તથા સર્વિસ વાયર સ્થળ પરથી ઉતારી લેવામાં આવેલ.

૪.૫ ફરિયાદી અરજદાર અને સામેવાળાની રજૂઆત મુજબ જગ્યાની માલિકી અંગેનો વિવાદ નામદાર ક્લેકટરશ્રી સાહેબ સમક્ષ પડતર હોય સદર ફરિયાદના નિકાલની કામગીરી ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૯ના જાહેરનામા નં.૦૨/૨૦૧૯ ના વિનિયમ નં.૨.૩૩(૧) અનુસાર અત્રેના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમના સત્તા બહાર હોય સદર બાબતે અત્રેના ફોરમ તરફથી વિશેષ કાંઈપણ કરવાનું રહેતું ન હોવાથી સદરહું રજુઆત દફતરે કરવામાં આવે છે.

૪.૬ વધુમાં મૂળ ફરિયાદી તરફથી ગુજરાત એન્ટી લેન્ડ ગ્રેબિંગ પ્રોહીબીશન એક્ટ હેઠળ અંગેની ફરિયાદ રદબાતલ કરવામાં આવે અથવાતો નામદાર ક્લેકટરશ્રી અથવા તો કોર્ટ દ્વારા જો ઉપરોક્ત વીજજોડાણો ચાલુ રાખવા હુકમ કરે તો સદર ફરિયાદી અરજદારોના વીજજોડાણો જરૂરી કાર્યવાહી કરીને ફરીથી ચાલુ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ અને ૪.૬ મુજબની વિગતેની જાણકારી બન્ને પક્ષકારોને આપવામાં આવે છે.

૪.૮ આ સાથે અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |